# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-06-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કેન્દ્રના 12 વર્ષ નિમિત્તે ભુજમાં પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ સુશાસન નિમિત્તે વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત ભુજ ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને "પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા" યોજાઈ હતી. જેમાં મહાનુભાવોએ રાસાયણિક ખાતરો મુક્ત ખેતી અપનાવી સ્વાસ્થ્ય અને પર્યાવરણનું જતન કરવા આહવાન કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે, કૃષિ મહોત્સવોથી સૂકું કચ્છ બાગાયતી ક્ષેત્રે અવ્વલ બન્યું છે, ત્યારે હવે કિસાનો પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે. સાંસદ વિનોદ ચાવડાએ ઉમેર્યું કે, રાજ્યપાલશ્રીના માર્ગદર્શનથી કચ્છના 52 હજાર ખેડૂતો આ અભિયાનમાં જોડાયા છે. ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ ખેડૂતોને જળસંચય અને ભૂગર્ભ જળ રિચાર્જ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતોને આત્મા ફાર્મર એવોર્ડ એનાયત કરાયા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોએ પ્રાકૃતિક ખેત પેદાશના સ્ટોલ અને સરકારના વિવિધ વિભાગની યોજનાકીય માહિતીના સ્ટોલની મુલાકાત લીધી હતી આ પ્રસંગે જિલ્લાના અનેક અગ્રણીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**

**------------------------------------------------------------------------------------------**

## સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ

**રાજ્યના નાગરિકોની સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટે દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતો મુખ્યમંત્રીશ્રીનો ‘સ્વાગત’ ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ આ વખતે ૨૨ જૂન સોમવારે યોજાશે. રાજ્યમાં ૨૩થી ૨૫ જૂન દરમિયાન યોજાનારા ‘શાળા પ્રવેશોત્સવ’ને કારણે આ ફેરફાર કરાયો છે.**

રજૂઆતકર્તાઓ સોમવારે સવારે ૮:૦૦થી ૧૧:૦૦ વાગ્યા સુધીમાં સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને અરજી આપી શકશે. બપોર બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રત્યક્ષ ઉપસ્થિત રહી પ્રજાની રજૂઆતો સાંભળશે અને તેના યોગ્ય ઉકેલ માટે તંત્રને જરૂરી માર્ગદર્શન આપશે..

---

## કચ્છ પેસેન્જર્સ એસોસિએશન દ્વારા લોકદરબાર

મુંબઈ અને કચ્છ વચ્ચે પ્રવાસ કરતા લાખો કચ્છીઓની રેલવે સફર વધુ સુખદ બનાવવા, પાંચ દાયકાથી કાર્યરત 'કચ્છ પેસેન્જર્સ એસોસિયેશન' દ્વારા આગામી 21 જૂન રવિવારના સાંજે મુંબઇના માટુંગા ખાતે એક સકારાત્મક લોકદરબાર યોજાશે. લોકદરબારમાં કચ્છ-મુંબઈ વચ્ચે નવી 'અમૃત ભારત' ટ્રેન શરૂ કરવા, સીએસએમટીથી ભુજ વાયા કલ્યાણ નવી કનેક્ટિવિટી આપવા અને કચ્છ એક્સપ્રેસને મુંબઈ સેન્ટ્રલ કે દાદરથી ચલાવવા જેવી મહત્વની માંગણીઓ પર ચર્ચા થશે. આ પ્રસંગે કેબિનેટ પ્રધાન આશિષ શેલાર, ધારાસભ્યો અને અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. સંસ્થાએ તમામ કચ્છી પ્રવાસીઓને આ વિવેકપૂર્ણ સંવાદનો હિસ્સો બનવા અનુરોધ કર્યો છે..

---

## લખપતમાં મોબાઇલ મેડિકલ યુનિટ વેનનું લોકાર્પણ

લખપતના છેવાડાના વિસ્તારોમાં ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ આપવા માટે અદ્યતન 'મોબાઇલ મેડિકલ યુનિટ' વેનનું લોકાર્પણ કરાયું હતું. MCX CCL કંપનીના સીએસઆર ફંડ અને સેવા ઇન્ટરનેશનલના સહયોગથી શરૂ થયેલી આ વેનને સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સેવાનું સંચાલન એમએમપીજે હોસ્પિટલ અને કચ્છી લેવા પટેલ ટ્રસ્ટ કરશે.

આ વેન સાપ્તાહિક ધોરણે ઘડુલી, સિયોત, અટડો, મુધાન, ગુનેરી, મેઘપર, અમિયા, હરોડા, નરા, લખપર, દોલતપર, અસાલડી, સાયન, સમજીયારા, બરંદા, નરેડા, મુડીયા, જાડવા, લખપત, કોરિયાણી, કપુરાશી, પુનરાજપર, કાનેર, પાનેલી, વલકા (નાની-મોટી), ઘડાણી અને

રવાપર જેવા ૨૬ ગામોને નિયમિત ઓપીડી, રાહત દરે દવાઓ અને પ્રાથમિક નિદાન સેવા પૂરી પાડશે..

---------------------------------------------------------------------------------------

## દીપડી પાંજરે પુરાઇ

માંડવીના નાગ્રેચા અને આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા અઢી મહિનાથી આતંક મચાવનારી ૨.૫ થી ૩ વર્ષની દીપડી આખરે વહેલી સવારે પાંજરામાં કેદ થઈ છે. આ દીપડીએ પશુઓના ૩ થી ૪ મારણ કર્યા હતા, જેનાથી સ્થાનિકોમાં ભારે ભય હતો.

પશ્ચિમ કચ્છ **DCF** એચ. જે. ઠક્કરના માર્ગદર્શન હેઠળ **RFO** અનુપસિંહ ડોડિયા અને વન વિભાગની ટીમે છેલ્લા ૬ દિવસથી પગમાર્કના આધારે દીપડીને ટ્રેક કરી હતી. વન વિભાગે ચાર દિવસ પહેલાં ગોઠવેલા પાંજરામાં ગુરુવારે સવારે દીપડી પુરાઈ જતાં ગ્રામજનોએ મોટી રાહતનો શ્વાસ લીધો છે.

---------------------------------------------------------------------------------------

## ગાયોને થેલેરિયોસિસ સામે રક્ષણ આપવા રસીકરણ

કચ્છ જિલ્લામાં જર્સી ગાયોને ઈતરડીના તાવ થેલેરિયોસિસ સામે રક્ષણ આપવા વિનામૂલ્યે રસીકરણ અભિયાનનો પ્રારંભ માંડવી તાલુકાના બાગ ગામથી કરાયો છે. ચોમાસા પહેલાં વધતા ઈતરડીના ઉપદ્રવને ધ્યાનમાં રાખી પશુ ચિકિત્સકો દ્વારા રસીકરણ કરવામાં આવી રહ્યું છે.પ્રથમ તબક્કામાં માંડવી અને અંજાર તાલુકાના વધુ પશુધન ધરાવતા વિસ્તારોને આવરી લેવાશે.

---------------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી

દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ગાજવીજ તથા ૪૦ થી ૫૦ કિમીની ઝડપે ફૂંકાતા પવન સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, વડોદરા અને ખેડા જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે

બાકીના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ભુજમાં આજે સવારે છાંટા પડતાં માર્ગો ભીના થયા હતા.

આગામી ૨૦થી ૨૫ જૂન દરમિયાન દક્ષિણ-ઉત્તર ગુજરાતમાં ૬ દિવસ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩ દિવસ વરસાદી માહોલ રહેશે.  દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર સક્રિય થયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સિસ્ટમને કારણે રાજ્યમાં આ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે.

---------------------------------------------------------------------------------------